# જન ગણના માટે તૈયાર છો?

## US Census 2020: Get ready for Counting.




### US Census 2020: Get ready for Counting.

In light of the COVID-19 outbreak, the U.S. Census Bureau is continually adjusting 2020 Census operations in order to:

Protect the health and safety of the American public and Census Bureau employees. Implement guidance from Federal, State, and local authorities regarding COVID-19. Ensure a complete and accurate count of all communities. Since the suspension of field operations in mid-March, the Census Bureau has continually assessed our operational plans, taking into account Federal, state and local guidance, and the status of COVID-19 cases to ensure that Bureau can safely fulfill the mission. Bureau continuing rigorous analysis led to a phased restarted that began in May and a soft launch of the Non response Follow-up operation that began early in a number of area census offices in mid-July. The Census Bureau is working to complete data collection as soon as possible, as it strives to comply with the law and statutory deadlines.

Starting July 16, census takers will begin interviewing households that have yet to respond to the 2020 Census in regions managed by the area census offices in most of states. In subsequent weeks, the Census Bureau will announce additional census offices as it prepares to begin enumeration activities nationwide. The majority of census offices across the country will begin follow-up work on August 11. All offices will conclude work no later than October 31.

Census takers will follow local public health guidelines when they visit.

**Self-Response Phase**

Online, phone and mailed self-responses continue throughout the data collection process.

**Planned Schedule: March 12 – July 31**

**Revised Schedule: March 12 – October 31**

Group Quarters (E-Response & Paper Enumeration)

Many group quarters have already begun responding through our e-Response enumeration option.

**Planned Schedule: April 2 – June 5**

**Revised Schedule: April 2 – September 3**

If you live at multiple places throughout the year, count yourself at the address where you live and sleep most of the time. If you split your time evenly between two or more places, count yourself where you were staying on April 1, 2020. However, a census response is required from each and every property. For any property you own but only use part of the time, follow these instructions:

*Continue on page 69....*

### જન ગણના માટે તૈયાર છો?

કોવિદ ૧૯ ના સંક્રમણકાળના ઓથર હેઠળ અમેરિકાના વસતી ગણતરી વિભાગે સેન્સસ ૨૦૨૦ ની તૈયારીઓ અગ્રતાક્રમે કરી લીધી છે, સાથે જ કોરોના સંક્રમણથી સાવચેત રહેવાની બાબતો પણ કાળજી પૂર્વક ધ્યાન પર લેવાઈ છે. સેન્સસ બ્યુરોએ આ માટે:

જન સમુદાય અને વસતિ ગણતરી કરનાર કર્મચારીઓની સલામતી માટે દરેક પાસા ધ્યાનમાં રખાયા છે.

કેન્દ્રિય, રાજ્યસ્તર અને સ્થાનિક સ્તરે સંલગ્ન વહીવટીતંત્રની સૂચનાઓ અનુસાર તેનો અમલ કરાઇ રહ્યો છે.

દરેક વ્યક્તિની ગણતરી પુપ્રણત: કરાય તે માટે કાળજી રખાઇ રહી છે. માર્ચ મહિનાના મધ્યમાં જનગણનાના કાર્યને કોવિદ ૧૯ ના કારણે અટકાવાયું હતું. પરંતુ કામગીરી કોઈ પણ સમયે હાથ ધરી શકાય તેવી તૈયારી એ સાથે જ રખાઈ હતી. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્થાનિક વહીવટી તંત્રની માર્ગદર્શક બાબતોને ધ્યાનમાં રાખી મે મહિનાથી તેના પર અમલ શરૂ કર્યો હતો. જનગણનાની માહિતિ વ્યાપક સ્તરે એકત્રિત પણ કરવાની શરૂઆત કરી દેવાઈ હતી, તમામ આંકડાકીય માહિતિ એકત્રિત કરી લેવાય તથા તમામ કાનૂની અને વૈધાનિક મુદ્દાઓને ધ્યાનમા રાખીને તે અમલી કરાય તે માટે પૂરતી તૈયારી રખાઈ અને પૂરતી કાળજી પણ લેવાઈ છે.

જુલાઈ ૧૬ થી દરેક ઘર પર જઈને માહિતિ એકત્રિત કરવાની શરૂઆત કરાઈ છે. પોસ્ટ દ્વારા અથવા ઓનલાઈન માહિતિ મંગાવાઈ હતી, પરંતુ તે અડધા જેટલા જ લોકોએ તે મોકલાવી છે. તે માહિતિના આધારે હવે જેના પ્રત્યુત્તર મળ્યા નથી, તે તમામ અને મોકલાવેલ માહિતિની ખરાઈ માટે હવે વ્યક્તિગત સંપર્ક કરવાની શરૂઆત કરાઈ છે.

આવનારાં સપ્તાહોમાં સેન્સસ બ્યુરો તેના ક્ષેત્રિય કાર્યાલયોના સંકલનથી ત્વરિત કામગીરી હાથ ધરશે. ઓગષ્ટ ૧૧, થી આ કામગીરી ઓકટોબર ૩૧ સુધીમાં પૂર્ણ કરી લેવાની તૈયારી રખાઈ છે.

સેન્સસ કામગીરી કરનાર કર્મચારીઓ જાહેર આરોગ્યની સૂચનાઓનું પાલન કરશે.કામગીરીઓ કાર્યક્રમ આ પ્રમાણે છે: કાર્યનો અંદાજી સમય: માર્ચ ૧૨થી ઓકટોબર ૩૧,૨૦૨૦ ગ્રુપ ક્વાર્ટર્સ (ઈ રીસ્પોન્સ, અને ફોર્મ ભરવાની કાર્યવાહી)ઘણા સ્થળોએ શરૂ કરી દેવાઈ છે અને અપૂરતી માહિતિ માટે જે તે વ્યક્તિના સંપર્ક ઈ– મેઈલથી મંગાવાઈ રહ્યા છે.

કાર્યક્રમનો બીજો સમયગાળો – એપ્રિલ ૦૨થી જુન ૦૫ દરમ્યાન રહ્યો હતો, જે હવે બદલીને એપ્રિલ ૦૨થીસપ્ટેંબર ૦૩, ૨૦૨૦નો કરાયો છે.

આપને માટે ધ્યાન રાખવાની કેટલીક બાબતો છે. જે અનુસાર, તમારા એકથી વધુ આવાસની જગ્યાઓ હોમ, વર્ષ દરમ્યાન કામના હેતુથી અથવા અન્ય કારણો–સર વિવિધ સ્થળો પર રહેવાનું થતું હોય, તો જે તમારા મૂળ રહેઠાણનું સ્થાન છે, જ્યાં તમે સૂવા – રહેવા માટે વધુ સમય ગાળતા હો છો તે સ્થળને પ્રાથમિકતા આપશો. એપ્રિલ ૦૧, ૨૦૨૦ના સમયગાળાને મૂળ રહેઠાણના સ્થળને કેન્દ્રમાં રાખી ત્યા રહેનાર વ્યક્તિની ગણના કરે છે. આથી તમારી આ બાબતે સ્પષ્ટતા મહત્વની બની રહે છે. જો એકથી વધુ મિલ્કતોનો તમે ઉપયોગ કરતા હો તો જનગણના વિભાગની સૂચનાઓ ધ્યાનપૂર્વક જોઈ તે પ્રમાણે આપ સહયોગ કરશો. કેટલીક ધ્યાન રાખવા જેવી બાબતો આ પ્રમાણે છે

**અનુસંધાન પાન ૬૯ (69) ઉપર....**

1. Visit www.my2020census.gov
2. Enter the Census ID or address for this secondary property
3. Enter "0" for the number of people living at this property
4. Hit Next, and when a "soft error" occurs, click Next again
5. Select "No" when asked to confirm no person lives at this property
6. Select primary reason – Seasonal (most likely)
7. Complete! Following these instructions ensures all properties are counted! For more information go to 2020census.gov

Our Indian community is thickly populated in Hudson, Middlesex, Bergen, Essex Counties. Most of the population is aware of the importance of the Census.

Back home in India, we are familiar with Census every ten years, and accustom to include themselves voluntarily.

Hear in the USA too, for last five decays most of Indians and the South Asian countries participating for Census counting. Students and the Senior population are well aware of the importance of Census and its benefits. Majority Indian population is law abiding and Tax paying.

We do have out of status population in large number, but they do participate for counting. This time also we expect most of them will participate in Census counting. We have large number of Census worker recruited from our community, and that will help counting more reliable way.

૧ સેન્સસ વેબસાઈટ www.my2020census.gov નો ઉપયોગ કઈ જરૂરી માહિતિ મેળવી લો.

૨ સેન્સસ ઓળખ નંબર, સરનામુ ચકાસી લો. અન્ય મિલ્કતના ઉપયોગની નોંધ કરો.

૩ ઉપયોગ ન થતો હોય તે સ્થળ પર રહેનાર વ્યક્તિ "૦" શૂન્ય છે,તેની નોંધ કરો.

૪ સોફ્ટ એરર" બતાવે તો નેક્સ્ટ સ્ટેપ પર આગળ જાવ, અને ફરીથી માહિતિ ભરો.

૫ અન્ય સ્થળ પર કોઈ નથી રહેતુ પ્રશ્ન પૂછાય ત્યારે "નો" દ્રદ પર ફરીથી ક્લીક કરો.

૬ પ્રાથમિક કારણ આપો. મોટા ભાગે કાર્યકારી/ સીઝનલ રહેઠાણ છે તે જવાબ રહેશે.

૭ ચોક્કસાઈથી અન્ય રહેઠાણ સ્થળની માહિતિ પૂર્ણ કરો. વધુ માહિતિ માટ www.2020 census.gov પર જઈ પૂરતી ચકાસણી કરી લેશો

આપના પોતાના, તમે રહો છો તે શહેરમાં અને સરવાળે દેશના વિકાસ માટે દર દસ વર્ષે યોજાતા વિકાસના મૂળમાં રહેલા આ ભગીરથ પરીમાં સહભાગી બનો.

આ કામગીરી ગુપ્ત રહેછે. તમે આપેલી માહિતિનો અન્યત્ર કોઈ ઉપયોગ કરાતો નથી. સલામત છે, અને દેશના અને આપણી પોતાની સ્માજ વ્યવસ્થા માટે આ આવકાર્ય અને મહત્વની કામગીરી છે.

૦૦૦